## વિદેશી કંપનીઓ માટે ઈન્ડસ્ટ્રિયલ પાર્ક સ્થાપવા માટે મહત્ત્વની જાહેરાત થશે

# વાઈબ્રન્ટ : નવી ઉદ્યોગ નીતિ જાહેર થશે

ગાંધીનગર, તા.૨૮

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટમાં ભાગ લેવા આપવાનરા સેક્ટરોનું ચિત્ર એકદમ સ્પષ્ટ થઈ જતાં તેમને ધ્યાને રાખીને જ નવી ઉદ્યોગ નીતિ આ અઠવાડિયે રાજ્ય સરકાર જાહેર કરી દે તેવી પૂરી શક્યતાઓ છે. ઘણા લાબા સમયથી ઉદ્યોગ વિભાગ નવી નીતિ તૈયાર કરવામાં વ્યસ્ત હતું. છેલ્લે એવું પણ નક્કી કરાયું હતું કે, વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેનારાઓ વધુમાં વધુ કયા સેક્ટરમાંથી આવવાના છે અને તેઓ કેવા પ્રકારની નીતિની અપેક્ષા રાખી રહ્યાં છે તે ધ્યાનમાં રાખની ગુજરાતમાં જો મૂડી રોકાણ વધારવું હોય તો તે પ્રમાણેની ઉદ્યોગ નીતિ હોવી જરૂરી છે.

વાઈબ્રન્ટમાં કયા ઉદ્યોગોના માંધાતાઓ આવવાના છે તેનું આખરી ચિત્ર નક્કી થઈ ચૂક્યું છે. તેથી આગામી સપ્તાહે નવી ઉદ્યોગ નીતિ જાહેર કરવાની તૈયારી થઈ ગઈ છે. તેના મુસદ્દાઓ પણ નક્કી થઈ ગયા છે. આ મુદ્દાઓ એવી રીતે નક્કી કરાયા છે કે જે નવા મૂડી રોકાણ આવવાના છે તેમાં તેઓ શું ઈચ્છી રહ્યાં છે. તેને ધ્યાનમાં લઈને નવી નીતિનું માળખું નક્કી કરાયું હોવાનું સૂત્રો માની રહ્યાં છે.

આ નીતિમાં સોથી મહત્ત્વની જોગવાઈ એ છે કે, ઓછામાં ઓછાં ૧૦ એકમનો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે હોવા જરૂરી છે તો જ તેમને સરકારની નાણાકીય મદદ મળી શકશે. વિદેશની ૧૦ કંપનીઓ ભેગી થઈને આવા પાર્ક સ્થાપવા માટે ઘણાં સમયથી પ્રયાસો પણ કરી રહી છે. ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા માટે ૧૦ એકમનું જૂથ સરળતાથી મળી શકે તેમ છે. ખાસ કરીને એન.આર.આઈ. અને વિદેશથી આવતી કંપનીઓ માટે આવા પ્રકારના પાર્કમાં માળખાકીય સુવિધા સરળતાથી સરકાર આપી શકે છે. જો કે, તેના માટે જી.આઈ.ડી.સી.એ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાન તૈયાર જ રાખ્યો છે. આવા પાર્કની તુરંત મંજૂરી પણ આપી દેવી સરળ રહેશે.

**ઓછામાં ઓછા ૧૦ યુનિટ હોવા જરૂરી બનશે**

**સ્ટેમ્પડ્યૂટી અને રોકડ સહાયની જોગવાઈની જોવાતી શક્યતા**

ઉદ્યોગો સ્થાપવા માટે વિશાળ વિસ્તારની જમીન મેળવવી ઘણી અઘરી અને મોંઘી બની રહી છે. તેથી ૨૦ હેક્ટર જમીન જે ઈન્ડસ્ટ્રીયલ પાર્ક મેળવી શકશે તેમને તમામ મદદ આપવાની સરકાર નવી નીતિમાં ખાતરી આપે તેવી પૂરી શક્યતાં છે. ૧૦ એકમો માટે ૨૦ હેકેટર જમીન ખાનગી કે સરકારી મેળવવી સરળ રહેશે. નાનો વિસ્તાર હોવાથી તેની જાળવણી પણ સરળ રહેવાની છે. તેથી ૨૦ હેક્ટર વિસ્તાર નવી નીતિમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

સરકાર તરફથી એવી મદદની પણ ઓફર થાય તેવી શક્યતા છે કે, જમીન ખરીદીના દસ્તાવેજો તથા તે અંગેની ડીલમાં રાજ્ય સરકાર ૯ ટકા લેખેની સ્ટેમ્પ ડ્યૂટીની રાહતો આપે તેવી સંભાવના ઈન્ડસ્ટ્રી ડિપાર્ટમેન્ટે વ્યક્ત કરી છે. ઉદ્યોગો માટે સ્ટેમ્પ ડ્યુટીનું ભારણ ઘણું મોટું હોય છે. ઉદ્યોગોને ગુજરાતમાં ખેંચી લાવવામાં ઘણી મદદ કરશે. જો કે સરકારને તેનાથી આવક ગુમાવવી પડશે પણ રોજગારીની તકો તેની સામે ઊભી થશે.

રૂ.૫૦ કરોડની સહાય ઉદ્યોગોને આપવામાં આવે તેવી સંભાવનાઓ છે. જો કે, આ જોગવાઈ પહેલાં કેબિનેટની મંજૂરી લેવી પડશે. ઉદ્યોગો ખેંચી લાવવા માટે આવી છૂટછાટો સરકારે આપવી અનિવાર્ય માનવામાં આવે છે. આ સહાય અમુક વર્ષો પછી સરકારને પરત કરવાની થતી હોય છે તે કેવી રીતે પરત મેળવવી તે અંગે કસરત ચાલી રહી છે.